◆ કેટલાક આચાર્યો, મિશ્રગુણઠાણે અજ્ઞાન નથી માનતા (કારણ કે ત્યાં આંશિક જ્ઞાન રહ્યું છે જ.) અને કેટલાક આચાર્યો ત્યાં પણ અજ્ઞાન માને છે (કારણ કે ત્યાં શુદ્ધજ્ઞાન નથી રહ્યું.) ઉદયસ્વામિત્વની સંસ્કૃતવૃત્તિમાં, આ બંને મંતવ્યોનું તર્કસભર નિરૂપણ કરવામાં આવ્યું છે, જિજ્ઞાસુઓને ત્યાંથી જોવાની ભલામણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ✧ અવધિજ્ઞાનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ... ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ |
|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૦૫ | – | ૧૨૨માંથી સ્થાવરચતુષ્ક+જાતિચતુષ્ક+ આતપ+જિનનામ+તિર્યંગાનુપૂર્વી❖+ મિથ્યાત્વ+મિશ્રમો૦+અનંતા૦ ૪ = ૧૭ |
| ૪ | અવિરત | ૧૦૩ | આહારકદ્વિક | – |
| | ૫-૧૨ | ← આ ૮ ગુણઠાણે કર્મસ્તવ મુજબ✪ સમજવું → | | |

---

❖ કાર્મગ્રન્થિકમતે કોઈપણ જીવ અવધિજ્ઞાન સાથે તિર્યંચગતિમાં ઉત્પન્ન થતો નથી, કારણ કે અવધિજ્ઞાન સમ્યગ્દષ્ટિને જ હોય અને સમ્યગ્દષ્ટિ જીવ તિર્યંચમાં પણ યુગલિક તિર્યંચમાં જ ઉત્પન્ન થાય. હવે યુગલિકોમાં તો અવધિજ્ઞાન હોતું જ નથી, એટલે ત્યાં કોઈ અવધિજ્ઞાનને લઈને ઉત્પન્ન પણ ન થઈ શકે, એવું ફલિત થાય. એટલે અવધિજ્ઞાનમાર્ગણામાં તિર્યંચાનુપૂર્વીનો ઉદય સંભવી શકે નહીં.

હવે સિદ્ધાંતમતે સમ્યગ્દષ્ટિ જીવ, સંખ્યાતવર્ષના આયુષ્યવાળા (યુગલિક સિવાયના) તિર્યંચોમાં પણ ઉત્પન્ન થઈ શકે છે અને તે તિર્યંચોને અવધિજ્ઞાન પણ હોઈ શકે છે. એટલે સમ્યગ્દષ્ટિ જીવ અવધિજ્ઞાન લઈને ત્યાં ઉત્પન્ન થાય તેમાં કોઈ બાધ નથી અને તેથી અવધિજ્ઞાનમાર્ગણામાં તિર્યંચાનુપૂર્વીનો ઉદય નિર્બાધ ઘટી શકે.

પણ અહીં કાર્મગ્રન્થિકમત મુખ્ય રાખ્યો છે (કારણ કે આ કર્મસાહિત્યનો ગ્રંથ છે.) એ ખાસ ધ્યાનમાં રાખવું.

✪ અવધિદર્શન- કેવળદર્શનાદિમાં પણ અવધિજ્ઞાનાદિની જેમ જ ઉદયસ્વામિત્વ સમજવાનું છે, એટલે અમે અહીં જ કોઠો બતાવ્યો છે, ત્યાં માત્ર અતિદેશ કરીશું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ✧ વિભંગજ્ઞાનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ... ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૦૭ | — | વિકલેન્દ્રિયનવક+જિન+આહારકદ્વિક +તિર્યંચાનુપૂર્વી❁+મનુષ્યાનુપૂર્વી+ સમ્યક્ત્વમો૦▲ = ૧૫ | |
| ૧ | મિથ્યાત્વ | ૧૦૬ | મિશ્રમો૦ | — | — |
| ૨ | સાસ્વાદન | ૧૦૪ | — | નરકાનુપૂર્વી+મિથ્યાત્વ=૨ | — |
| ૩ | મિશ્ર | ૧૦૦ | — | અનંતા૦૪+દેવાનુપૂર્વી=૫ | મિશ્રમો૦ |

---

❁ ભગવતીમતે કોઈપણ જીવ તિર્યંચ-મનુષ્યમાં વિભંગજ્ઞાન સાથે આવતો નથી, ત્યાં તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થતાં જીવોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એમ બે જ અજ્ઞાન કહ્યાં છે, વિભંગજ્ઞાન નહીં. એટલે તેમના મતે વિભંગજ્ઞાનમાં તિર્યંચ-મનુષ્યાનુપૂર્વીનો ઉદય હોઈ શકે નહીં.

પન્નવણામતે જો કે વિભંગજ્ઞાની પણ તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે, પણ તેઓ ઋજુગતિથી જ ઉત્પન્ન થાય, વિગ્રહગતિથી નહીં. અને આનુપૂર્વીનો ઉદય તો વિગ્રહગતિમાં જ હોય, એટલે તેમના મતે પણ વિભંગજ્ઞાનમાં તિર્યંચ-મનુષ્યાનુપૂર્વીનો ઉદય સંભવી શકે નહીં. આ બંને મતોનું, ઉદય સ્વામિત્વની સંસ્કૃતવૃત્તિમાં સુવિશદ નિરૂપણ કરવામાં આવ્યું, જિજ્ઞાસુઓને ત્યાંથી જોવાની ખાસ ભલામણ...

▲ એકેન્દ્રિય-વિકલેન્દ્રિયોને બે જ અજ્ઞાન હોય છે. અને જિનનામાદિ કર્મોનો ઉદય પહેલા ત્રણ ગુણઠાણે હોતો જ નથી. એટલે અહીં એકેન્દ્રિયાદિ પ્રાયોગ્ય અને જિનનામાદિ કર્મપ્રકૃતિઓનો ઉદય ન કહ્યો...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૮) સંયમમાર્ગણા

## ✧ સામાયિક+છેદોપસ્થાપનીય + સૂક્ષ્મસંપરાય + યથાખ્યાત + દેશવિરતિ + અવિરતિ... એ બધામાં ઉદયસ્વામિત્વ... ✧

| માર્ગણા | ગુણઠાણું | પ્રકૃતિઓ | વિશેષ વાત |
|---|---|---|---|
| સામાયિક + છેદોપ-સ્થાપનીય | ઓઘથી | ૮૧ | કર્મસ્તવમાં પ્રમત્તગુણઠાણે કહેલ ૮૧ |
| | ૬-૯ | | આ ૪ ગુણઠાણે કર્મસ્તવ મુજબ સમજવું |
| સૂક્ષ્મ સંપરાય | ઓઘથી | ૬૦ | કર્મસ્તવમાં સૂક્ષ્મસંપરાયગુણઠાણે કહેલ ૬૦ |
| | ૧૦ | | ઓઘની જેમ |
| યથાખ્યાત | ઓઘથી | ૬૦ | ઉપશાન્તમોહગુણઠાણે કહેલ ૫૯ + જિનનામ = ૬૦ |
| | ૧૧-૧૪ | | આ ૪ ગુણઠાણે કર્મસ્તવ મુજબ સમજવું |
| દેશવિરતિ | ઓઘથી | ૮૭ | કર્મસ્તવમાં દેશવિરતગુણઠાણે કહેલ ૮૭ |
| | ૫ | | ઓઘની જેમ |
| અવિરતિ | ઓઘથી | ૧૧૯ | મિથ્યાત્વગુણઠાણે કહેલ ૧૧૭ + મિશ્રદ્વિક = ૧૧૯ |
| | ૧-૪ | | આ ૪ ગુણઠાણે કર્મસ્તવ મુજબ સમજવું |

## ✧ પરિહારવિશુદ્ધિમાર્ગણામાં ઉદયસ્વામિત્વ... ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | વિચ્છેદ |
|---|---|---|---|
| | ઓઘથી | ૭૩ | પ્રમત્તગુણઠાણે કહેલ ૮૧ માંથી પાંચ સંઘયણ※ + ❂આહારકદ્વિક + સ્ત્રીવેદ◆ = ૮ |
| ૬ | પ્રમત્ત | ૭૩ | ઓઘની જેમ |
| ૭ | અપ્રમત્ત | ૭૦ | થીણદ્ધિત્રિક |

---

※ પરિહારવિશુદ્ધિવાળા પ્રથમ સંઘયણી હોય, એટલે તે સિવાયના સંઘયણનો વિચ્છેદ થાય.

❂ પરિહારવિશુદ્ધિવાળા ચૌદ પૂર્વધર ન હોવાથી આહારકદ્વિકનો ઉદય ન હોય.

◆ સ્ત્રીઓ પરિહારવિશુદ્ધિને ન સ્વીકારે, કારણ કે તેમને પૂર્વોનું જ્ઞાન નથી હોતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૯) દર્શનમાર્ગણા

## ❖ ચક્ષુદર્શનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ... ❖

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૦૯ | – | એકેન્દ્રિયષટ્ક+૪ આનુપૂર્વી+ જિનનામ + બેઇન્દ્રિય + તેઇન્દ્રિય = ૧૩ | – |
| ૧ | મિથ્યાત્વ | ૧૦૫ | મિશ્રદ્વિક આહારકદ્વિક | – | – |
| ૨ | સાસ્વાદન | ૧૦૪ | – | મિથ્યાત્વ | – |
| ૩ | મિશ્ર | ૧૦૦ | – | ચઉરિન્દ્રિયજાતિ + અનંતા૦ ૪=૫ | મિશ્રમો૦ |
| ૪ | અવિરત | ૧૦૦ | – | મિશ્રમોહનીય | સમ્યક્ત્વમો૦ |
| ૫ | દેશવિરત | ૮૭ | – | દેવદ્વિક+નરકદ્વિક+વૈક્રિયદ્વિક +અપ્રત્યાખ્યાન ૪+ દુર્ભગત્રિક=૧૩ | – |
| ૬ | પ્રમત્ત | ૮૧ | – | પ્રત્યાખ્યાનકષાયચતુષ્ક + તિર્યંચાયુષ્ય-ગતિ+નીચ+ ઉદ્યોત=૮ | આહારકદ્વિક |
| ૭ | અપ્રમત્ત | ૭૬ | – | થીણદ્ધિત્રિક+આહારકદ્વિક=૫ | – |
| ૮ | અપૂર્વકરણ | ૭૨ | – | છેલ્લા ત્રણ સંઘયણ+ સમ્યક્ત્વમો૦ | – |
| ૯ | અનિવૃત્તિકરણ | ૬૬ | – | હાસ્યષટ્ક | – |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૬૦ | – | ત્રણવેદ+ત્રણ સંજ્વલન=૬ | – |
| ૧૧ | ઉપશાંતમોહ | ૫૯ | – | સંજ્વલનલોભ | – |
| ૧૨ | ક્ષીણમોહ | ૫૭/૫૫ | – | બીજું-ત્રીજું સંઘયણ+નિદ્રાદ્વિક | – |

❋ એકેન્દ્રિયષટ્કની અંદર અપર્યાપ્તનામકર્મનો પણ ઉદયવિચ્છેદ કહ્યો છે, તે કાર્મગ્રંથિકમતની અપેક્ષાએ સમજવું. સિદ્ધાંતમતે તો લબ્ધિઅપર્યાપ્તમાં પણ ચક્ષુદર્શન મનાયું છે, એટલે તેમના મતે ચક્ષુદર્શનમાર્ગણામાં અપર્યાપ્તનામકર્મનો ઉદય પણ હોઈ શકે.

❋ ચક્ષુદર્શન, એકેન્દ્રિય-બેઈન્દ્રિય-તેઈન્દ્રિયને નથી હોતું. વિગ્રહગતિમાં પણ નથી હોતું ને જિનેશ્વરોને પણ નથી હોતું. એટલે તેમના યોગ્ય પ્રકૃતિઓનો અહીં વિચ્છેદ કર્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અચક્ષુદર્શનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ...

| ગુણઠાણું | પ્રકૃતિઓ | વિચ્છેદ |
|---|---|---|
| ઓઘથી | ૧૨૧ | કર્મસ્તવમાં ઓઘે કહેલ ૧૨૨ માંથી જિનનામ |
| ૧-૧૨ | ← આ ૧૨ ગુણઠાણે બધું કર્મસ્તવ મુજબ સમજવું → | |

## અવધિદર્શન-કેવળદર્શનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ...

અવધિદર્શન અવધિજ્ઞાનને અવિનાભાવી છે અને કેવળદર્શન કેવળજ્ઞાનને અવિનાભાવી છે. એટલે તે બંને માર્ગણામાં અનુક્રમે અવધિજ્ઞાન અને કેવળજ્ઞાનની જેમ ઉદયસ્વામિત્વ સમજવું.

▲ અચક્ષુદર્શન ચૌદે ચૌદ જીવસ્થાનકોમાં હોય છે, એટલે એકેન્દ્રિયાદિ બધા પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિઓનો અહીં ઉદય કહ્યો.

❋ જિનેશ્વરોને માત્ર કેવલજ્ઞાન-કેવલદર્શન જ હોય. એટલે અચક્ષુદર્શનમાર્ગણામાં જિનનામકર્મનો ઉદયવિચ્છેદ કહ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૧૦) લેશ્યામાર્ગણા

## ✧ કૃષ્ણાદિ ત્રણ અશુભલેશ્યામાં ઉદયસ્વામિત્વ ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૨૧ | — | જિનનામ | — |
| ૧ | મિથ્યાત્વ | ૧૧૭ | મિશ્રદ્વિક+ આહારકદ્વિક=૪ | — | — |
| ૨ | સાસ્વાદન | ૧૧૧ | કાપોતમાં❖ નરકાનુપૂર્વી | સૂક્ષ્મત્રિક+આતપ+ મિથ્યાત્વ=૫ નરકાનુપૂર્વી+ કૃષ્ણ-નીલલેશ્યામાં નરકાનુપૂર્વી❖ | — |
| ૩ | મિશ્ર | ૧૦૦ | | ઓઘની જેમ | મિશ્રમો૰ |
| ૪ | અવિરત | ૧૦૨/૧૦૩ | કર્મસ્તવમાં કહેલ ૧૦૪ માંથી ❂કૃષ્ણનીલમાં દેવ-નરકાનુપૂર્વી નીકાળવી (=૧૦૨) કાપોતમાં માત્ર દેવાનુપૂર્વી નીકાળવી (=૧૦૩) | | |
| ૫ | દેશવિરત | ૮૭ | ← ઓઘની જેમ → | | |
| ૬ | પ્રમત્ત❊ | ૮૧ | ← ઓઘની જેમ → | | |

---

❖ કાપોતમાં, ચોથે ગુણઠાણે ફરી નરકાનુપૂર્વીનો ઉદય થવાનો છે, એટલે અહીં તેનો અનુદય કહ્યો. જ્યારે કૃષ્ણ-નીલમાં ચોથે ફરી નરકાનુપૂર્વીનો ઉદય નથી થવાનો, એટલે ત્યાં તેનો ઉદયવિચ્છેદ કહ્યો.

❂ સમ્યક્ત્વ લઈને જીવ દેવ-નરકમાં અનુક્રમે વૈમાનિક દેવલોક અને પહેલી નરક સુધી જ જઈ શકે. હવે વૈમાનિક દેવલોકમાં તો શુભલેશ્યા જ હોવાથી, અશુભલેશ્યા લઈને કોઈ ત્યાં ન જાય. એટલે ત્રણે અશુભલેશ્યામાં ચોથે ગુણઠાણે દેવાનુપૂર્વીનો ઉદય હોઈ શકે નહી. અને પહેલી નરકમાં માત્ર કાપોતલેશ્યા જ હોય, એટલે ત્યાં ઉત્પન્ન થનાર સમ્યગ્દૃષ્ટિ માત્ર કાપોતલેશ્યા લઈને જ જાય, કૃષ્ણ-નીલલેશ્યા લઈને નહીં. તેથી નરકાનુપૂર્વીનો ઉદય ચોથે ગુણઠાણે કાપોતલેશ્યામાં હોઈ શકે, કૃષ્ણ-નીલલેશ્યામાં નહીં. સિદ્ધાંતમતે ત્રણ અશુભલેશ્યામાં ચોથે ગુણઠાણે દેવ-નરકાનુપૂર્વીનો ઉદય હોઈ શકે છે, તે માટે સાબિતી જાણવા ઉદયસ્વામિત્વની સંસ્કૃતવૃત્તિનું અવલોકન કરવું.

❊ ૫ મું-છઠ્ઠું ગુણઠાણું પૂર્વપ્રતિપન્ન દેશવિરતાદિને લઈને સમજવું, પ્રતિપદ્યમાન દેશવિરતાદિને લઈને નહીં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ✧ તેજોલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વ ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૧૧ | – | ▲નરકત્રિક+વિકલેન્દ્રિયત્રિક+ સૂક્ષ્મચતુષ્ક*+જિનનામ=૧૧ | – |
| ૧ | મિથ્યાત્વ | ૧૦૭ | મિશ્રદ્વિક આહારકદ્વિક | - | – |
| ૨ | સાસ્વાદન | ૧૦૬ | – | મિથ્યાત્વ | – |
| ૩ | મિશ્ર | ૯૮ | ત્રણ આનુપૂર્વી | અનંતા૦૪+એકેન્દ્રિય+ સ્થાવર=૬ | મિશ્રમો૦ |
| ૪ | અવિરત | ૧૦૧ | – | મિશ્રમોહનીય | ત્રણ આનુ૦ સમ્યક્ત્વમો૦ |
| ૫ | દેશવિરત | ૮૭ | – | દેવત્રિક+વૈક્રિયદ્વિક+ મનુષ્યાનુપૂર્વી+તિર્યંચાનુપૂર્વી+ દુર્ભગત્રિક+અપ્રત્યા૦૪=૧૪ | – |
| ૬ | પ્રમત્ત | ૮૧ | – | ઓઘની જેમ | આહારકદ્વિક |
| ૭ | અપ્રમત્ત | ૭૬ | – | ઓઘની જેમ | - |

## ✧ પદ્મલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વ... ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૦૯ | – | નરકત્રિક▲ +વિકલેન્દ્રિય- નવક*+જિનનામ=૧૩ | – |
| ૧ | મિથ્યાત્વ | ૧૦૫ | આહારકદ્વિક+ મિશ્રદ્વિક=૪ | – | – |

---

▲ નારક, વિકલેન્દ્રિયોને અશુભ ત્રણ લેશ્યા જ હોય છે અને જિનેશ્વરોને માત્ર શુક્લલેશ્યા જ હોય છે. એટલે તેજો-પદ્મલેશ્યા માર્ગણામાં તેમના પ્રાયોગ્ય કર્મપ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ કહ્યો.

* અહીં એકેન્દ્રિયજાતિનામનો ઉદયવિચ્છેદ ન કરવાનું કારણ એ કે તેજોલેશ્યાવાળા સૌધર્માદિ દેવો એકેન્દ્રિયમાં પણ ઉત્પન્ન થઈ શકે છે અને 'જે લેશ્યાએ મરે તે જ લેશ્યાએ ઉત્પન્ન થાય' એ નિયમ પ્રમાણે તે દેવો એકેન્દ્રિયમાં તેજોલેશ્યાએ ઉત્પન્ન થાય અને માટે તેજોલેશ્યા-માર્ગણામાં એકેન્દ્રિયજાતિ આદિનો ઉદય હોઈ શકે છે. પદ્મલેશ્યામાં આવું બનતું નથી, માટે ત્યાં તેઓનો વિચ્છેદ કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| ૨ | સાસ્વાદન | ૧૦૪ | – | મિથ્યાત્વ | – |
| ૩ | મિશ્ર | ૯૮ | દેવાનુપૂર્વી મનુષ્યાનુપૂર્વી | અનંતા૦૪+તિર્યંચાનુપૂર્વી=૫ | મિશ્રમો૦ |
| ૪ | અવિરત | ૧૦૦ | – | મિશ્રમોહનીય | બે આનુ૦ સમ્યક્ત્વમો૦ |
| ૫ | દેશવિરત | ૮૭ | – | દેવત્રિક+વૈક્રિયદ્વિક+ મનુષ્યાનુપૂર્વી + દુર્ભગસપ્તક = ૧૩ | – |
| ૬ | પ્રમત્ત | ૮૧ | – | ઓઘની જેમ | આહારકદ્વિક |
| ૭ | અપ્રમત્ત | ૭૬ | – | ઓઘની જેમ | – |

## ✧ શુક્લલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વ... ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૦૯ | – | વિકલેન્દ્રિયનવક+ નરકત્રિક+તિર્યગા૦=૧૩ | – |
| ૧ | મિથ્યાત્વ | ૧૦૪ | જિનપંચક | – | – |
| ૨ | સાસ્વાદન | ૧૦૩ | – | મિથ્યાત્વ | – |
| ૩ | મિશ્ર | ૯૮ | દેવાનુપૂર્વી મનુષ્યાનુપૂર્વી | અનંતાનુબંધી-૪ | મિશ્રમો૦ |
| ૪ | અવિરત | ૧૦૦ | – | મિશ્રમોહનીય | સમ્યક્ત્વમો૦ દેવ-મનુષ્યા૦ |
| ૫ | દેશવિરત | ૮૭ | – | અપ્રત્યા૦૪+દુર્ભગત્રિક+ વૈક્રિયદ્વિક+દેવત્રિક+ મનુષ્યાનુપૂર્વી=૧૩ | – |
| ૬ | પ્રમત્ત | ૮૧ | – | ઓઘની જેમ | આહારકદ્વિક |
| ૭ | અપ્રમત્ત | ૭૬ | – | ઓઘની જેમ | – |
| ૮ | અપૂર્વકરણ | ૭૨ | – | ઓઘની જેમ | – |
| ૯ | અનિવૃત્તિકરણ | ૬૬ | – | ઓઘની જેમ | – |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૬૦ | – | ઓઘની જેમ | – |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| ૧૧ | ઉપશાંતમોહ | ૫૯ | — | ઓઘની જેમ | — |
| ૧૨ | ક્ષીણમોહ | ૫૭/૫૫ | — | ઓઘની જેમ | — |
| ૧૩ | સયોગી | ૪૨ | — | ઓઘની જેમ | જિનનામ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૧૧) ભવ્યમાર્ગણા

## ભવ્યમાર્ગણામાં ઉદયસ્વામિત્વ

| ગુણઠાણું | પ્રકૃતિઓ | વિશેષ વાત |
|---|---|---|
| ઓઘની | ૧૨૨ | બધી કર્મપ્રકૃતિઓ ઉદયમાં હોય છે |
| ૧-૧૪ | ← આ ચૌદે ગુણઠાણે કર્મસ્તવ મુજબ સમજવું → | |

## અભવ્યમાર્ગણામાં ઉદયસ્વામિત્વ

| ગુણઠાણું | પ્રકૃતિઓ | વિશેષ વાત |
|---|---|---|
| ઓઘની | ૧૧૭ | કર્મસ્તવમાં મિથ્યાત્વગુણઠાણે કહેલ ૧૧૭ |
| ૧ | ← ઓઘની જેમ → | |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૧૨) સમ્યક્ત્વમાર્ગણા

## ✧ વેદકસમ્યક્ત્વ+ મિશ્રસમ્યક્ત્વ + સાસ્વાદનસમ્યક્ત્વ + મિથ્યાત્વ❂ ... આ બધામાં ઉદયસ્વામિત્વ ✧

| માર્ગણા | ગુણઠાણું | પ્રકૃતિઓ | વિશેષ વાત |
|---|---|---|---|
| વેદક સમ્યક્ત્વ | ઓઘથી | ૧-૬ | કર્મસ્તવમાં અવિરતગુણઠાણે કહેલ ૧૦૪ + આહારકદ્વિક = ૧૦૬ |
| | ૪-૭ | આ ૪ ગુણઠાણે કર્મસ્તવ મુજબ સમજવું | |
| મિશ્ર સમ્યક્ત્વ | ઓઘથી | ૧૦૦ | કર્મસ્તવમાં મિશ્રગુણઠાણે કહેલ ૧૦૦ |
| | ૩ | ઓઘની જેમ | |
| સાસ્વાદન સમ્યક્ત્વ | ઓઘથી | ૧૧૧ | કર્મસ્તવમાં બીજે ગુણઠાણે કહેલ ૧૧૧ |
| | ૨ | ઓઘની જેમ | |
| મિથ્યાત્વ | ઓઘથી | ૧૧૭ | કર્મસ્તવમાં પહેલે ગુણઠાણે કહેલ ૧૧૭ |
| | ૧ | ઓઘની જેમ | |

## ✧ ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ... ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | વિચ્છેદ |
|---|---|---|---|
| | ઓઘથી | ૯૭ | વિકલેન્દ્રિયનવક+થીણદ્ધિત્રિક+જિનપંચક+અનંતા૦૪+ દેવાનુપૂર્વીને છોડીને શેષ ત્રણ❖ આનુપૂર્વી+મિથ્યાત્વ=૨૫ |

---

❂ આ બધી માર્ગણાઓમાં કર્મપ્રકૃતિનો ઉદય, કર્મસ્તવ મુજબ જ સમજવાનો છે, એટલે સંક્ષેપમાં અહીં અતિદેશ કરાય છે.

❖ પ્રથમ ઉપશમસમ્યક્ત્વ વખતે તો જીવ કાળ કરતો જ નથી અને શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વમાં કાળ કરતો જીવ નિયમા દેવલોકમાં જ ઉત્પન્ન થાય, અન્ય ગતિમાં નહીં. એટલે ઉપશમસમ્યક્ત્વ લઈને જીવ દેવલોકમાં જ જઈ શકે, અન્ય ગતિમાં નહીં અને એટલે ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં માત્ર દેવાનુપૂર્વીનો જ ઉદય હોય, અન્ય ત્રણ આનુપૂર્વીનો નહીં.

કેટલાક આચાર્યો અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમસમ્યક્ત્વ નથી માનતાં. એટલે દેવોને અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમસમ્યક્ત્વ ન હોઈ શકે. તેઓ મતે ઉપશમસમ્યક્ત્વમાં કાળ કરતાં જીવને બીજા જ સમયથી ક્ષયોપશમસમ્યક્ત્વ મનાયું છે. એટલે તે આચાર્યોના મતે ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં દેવાનુપૂર્વીનો ઉદય ન હોય.

આ બંને મતોનું સવિસ્તર નિરૂપણ, ઉદયસ્વામિત્વની સંસ્કૃતવૃત્તિમાં કરવામાં આવ્યું છે. જિજ્ઞાસુઓને ત્યાંથી જોવાની ભલામણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | વિચ્છેદ |
|---|---|---|---|
| ૪ | અવિરત | ૯૭ | ઓઘની જેમ |
| ૫ | દેશવિરત | ૮૩ | વૈક્રિયદ્વિક+દેવત્રિક+નરકાયુષ્ય-ગતિ+દુર્ભગસપ્તક=૧૪ |
| ૬ | પ્રમત્ત | ૭૫ | પ્રત્યા૦૪+નીચ+ઉદ્યોત+તિર્યંચાયુષ્ય-ગતિ=૮ |
| ૭ | અપ્રમત્ત | ૭૫ | પ્રમત્તગુણઠાણાની જેમ |
| ૮ | અપૂર્વકરણ | ૭૨ | છેલ્લા ત્રણ સંઘયણ |
| ૯ | અનિવૃત્તિ૦ | ૬૬ | હાસ્યષટ્ક |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૬૦ | ત્રણ વેદ + ત્રણ સંજ્વલન |
| ૧૧ | ઉપશાંતમોહ | ૫૯ | સંજ્વલન લોભ |

## ✧ ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૦૧ | – | દર્શનસપ્તક + છેલ્લા પાંચ સંઘયણ+વિકલેન્દ્રિયનવક =૨૧ | – |
| ૪ | અવિરત | ૯૮ | જિનનામ + આહારકદ્વિક | – | – |
| ૫ | દેશવિરત | ૭૭ | – | નીચ+ઉદ્યોત+વૈક્રિયાષ્ટક+ તિર્યંચત્રિક+દુર્ભગસપ્તક + મનુષ્યાનુપૂર્વી = ૨૧ | – |
| ૬ | પ્રમત્ત | ૭૫ | – | પ્રત્યા૦ ૪ | આહારકદ્વિક |
| ૭ | અપ્રમત્ત | ૭૦ | – | થીણદ્ધિત્રિક + આહારકદ્વિક = ૫ | – |
| ૮ | અપૂર્વકરણ | ૭૦ | – | ઋષભ-નારાચને છોડી ઓઘવત્ | – |
| ૯ | અનિવૃત્તિ૦ | ૬૪ | – | ઋષભ-નારાચને છોડી ઓઘવત્ | – |

---

✽ દર્શનસપ્તકનો ક્ષય થયા પછી જ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. એટલે અહીં દર્શનસપ્તકનો ઉદય ન હોય. વળી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અને છેલ્લા પાંચ સંઘયણવાળા જીવોને ક્ષાયિકસમ્યક્ત્વ હોતું નથી. એટલે તેમના પ્રાયોગ્ય કર્મપ્રકૃતિઓનો પણ અહીં વિચ્છેદ કહ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૫૮ | – | ઋષભ-નારાચને છોડી ઓઘવત્ | – |
| ૧૧ | ઉપશાંતમોહ | ૫૭ | – | ઋષભ-નારાચને છોડી ઓઘવત્ | – |
| ૧૨ | ક્ષીણમોહ | ૫૭/૫૫ | – | ઓઘની જેમ | – |
| ૧૩ | સયોગી | ૪૨ | – | ઓઘની જેમ | જિનનામ |
| ૧૪ | અયોગી | ૧૨ | – | ઓઘની જેમ | – |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૧૩) સંજ્ઞીમાર્ગણા

## ✧ સંજ્ઞીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘથી | ૧૧૩ | – | વિકલેન્દ્રિયષટ્ક + સાધારણદ્વિક + અપર્યાપ્ત = ૯ | – |
| ૧ | મિથ્યાત્વ | ૧૦૮ | જિનપંચક | – | – |
| ૨ | સાસ્વાદન | ૧૦૬ | નરકાનુપૂર્વી | મિથ્યાત્વ | – |
| | ૩-૧૪* | | ← કર્મસ્તવમાં કહ્યા મુજબ સમજવું → | | |

## ✧ અસંજ્ઞીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ ✧

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | વિચ્છેદ |
|---|---|---|---|
| | ઓઘથી | ૧૦૮ | વૈક્રિયાષ્ટક + ઉચ્ચગોત્રાદિ ૬ = ૧૪* |
| ૧ | મિથ્યાત્વ | ૧૦૮ | ઓઘની જેમ |
| ૨ | સાસ્વાદન | ૮૮ | મિથ્યાત્વ+નિદ્રાપંચક+સૂક્ષ્મપંચક+મનુષ્યત્રિક+પરાઘાતદ્વિક+કુખગતિદ્વિક+સુસ્વર+સુખગતિ=૨૦ |

* જો કે જિનેશ્વરોને સંકલ્પ-વિકલ્પરૂપ ભાવમન નથી હોતું, પણ દ્રવ્યમન તો તેઓને પણ હોય છે જ. એટલે સંજ્ઞીમાર્ગણા ચૌદમા ગુણઠાણા સુધી હોવામાં કોઈ વિરોધ નથી.

* અહીં આકારમાત્રરૂપ દ્રવ્યવેદને લઈને અસંજ્ઞીમાર્ગણામાં ત્રણે વેદનો ઉદય કહ્યો છે, તે કાર્મગ્રંથિકમતની અપેક્ષાએ સમજવું. ભગવતી વગેરે સિદ્ધાંતમતની અપેક્ષાએ, ભાવવેદને લઈને અસંજ્ઞીમાં માત્ર નપુંસકવેદ જ કહ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અસંજ્ઞીમાર્ગણામાં કેટલીક કર્મપ્રકૃતિઓનો ઉદય માનવા અને ન માનવા અંગેના મતાંતરોનો સંગ્રહ –

| સં. | પ્રકૃતિઓ | માનનારા મતો | ન માનનારા મતો |
|---|---|---|---|
| ૧ | મનુષ્યત્રિક | ષડશીતિ-પન્નવણા વગેરે | ❖બંધશતક |
| ૨ | છ સંઘયણ-છ સંસ્થાન | સપ્તતિકા | ❂ભગવતી-પન્નવણા વગેરે |
| ૩ | સુભગાદિ | સપ્તતિકા | ❊ગોમ્મટસાર◆ |

---

❖ બંધશતકમતે લબ્ધિઅપર્યાપ્ત મનુષ્યો પણ સંજ્ઞી તરીકે મનાય છે. (બંધશતકમાં મનુષ્યગતિ-માર્ગણામાં લબ્ધિપર્યાપ્તસંજ્ઞી અને લબ્ધિઅપર્યાપ્તસંજ્ઞી - એમ બે જ જીવસ્થાનક મનાયા છે.) એટલે તેમના મતે અસંજ્ઞીમાર્ગણામાં મનુષ્યત્રિકનો ઉદય સંભવી શકે નહીં.

જ્યારે ષડશીતિ-પન્નવણા વગેરેમાં મનુષ્યોને અસંજ્ઞી તરીકે પણ કહ્યા છે. એટલે તેમના મતને અનુસરી અહીં મનુષ્યત્રિકનો પણ ઉદય કહ્યો છે.

❂ ભગવતી-પન્નવણા વગેરેમાં અસંજ્ઞી જીવોને માત્ર છેલ્લું સંઘયણ અને છેલ્લુ સંસ્થાન જ કહ્યું છે. જ્યારે સપ્તતિકામાં છએ સંઘયણ-સંસ્થાનનો ઉદય કહ્યો છે.

❊ ગોમ્મટસારમાં અસંજ્ઞીમાર્ગણામાં સુભગાદિ કર્મપ્રકૃતિનો ઉદય નથી મનાયો, જ્યારે સપ્તતિકામાં તેઓનો પણ ઉદય કહ્યો છે.

◆ આ બધા મતોનું શાસ્ત્રપાઠ સાથે સુવિશદ નિરૂપણ, ઉદયસ્વામિત્વની સંસ્કૃત વૃત્તિમાં કરાયું છે. જિજ્ઞાસુઓને તેનું અવલોકન કરવાની ભલામણ...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૧૪) આહારીમાર્ગણા

## ❖ આહારીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ ❖

| સં. | ગુણઠાણું | પ્રકૃતિઓ | અનુદય | વિચ્છેદ | પુનરુદય |
|---|---|---|---|---|---|
| | ઓઘની | ૧૧૮ | – | ચાર આનુપૂર્વી❖ | – |
| ૧ | મિથ્યાત્વ | ૧૧૩ | જિનપંચક | – | – |
| ૨ | સાસ્વાદન | ૧૦૮ | – | સૂક્ષ્મત્રિક+આતપ+મિથ્યાત્વ=૫ | – |
| ૩ | મિશ્ર | ૧૦૦ | – | અનંતા૦૪+જાતિચતુષ્ક+ સ્થાવર=૯ | મિશ્રમો૦ |
| ૪ | અવિરત | ૧૦૦ | – | મિશ્રમોહનીય | સમ્યક્ત્વમો૦ |
| ૫ | દેશવિરત | ૮૭ | – | અપ્રત્યા૦૪+વૈક્રિયદ્વિક+ દેવાયુષ્ય-ગતિ+નરકાયુષ્ય-ગતિ+દુર્ભગત્રિક = ૧૩ | – |
| | ૬-૧૩ | ← કર્મસ્તવમાં કહ્યા મુજબ સમજવું → | | | |

## ❖ અનાહારી માર્ગણામાં ઉદયસ્વામિત્વ ❖

અનાહારી માર્ગણામાં ૪ ગુણઠાણા હોય : (૧) મિથ્યાત્વ, (૨) સાસ્વાદન, (૩) અવિરત, અને (૪) સયોગી. તેમાં મિથ્યાત્વ-સાસ્વાદન અને અવિરતગુણઠાણે કર્મપ્રકૃતિઓનો ઉદય અવિશેષપણે કાર્મણકાયયોગની જેમ સમજવો▲. અને સયોગીગુણઠાણે કર્મસ્તવમાં કહ્યા મુજબ સમજવો.

|| આ પ્રમાણે તપાગચ્છાચાર્ય શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-જિતેન્દ્રસૂરીશ્વરજીરૂપ સંવિગ્ન-ગીતાર્થ-પ્રભાવક ગુરુપરંપરામાં થયેલા દીક્ષાદાનેશ્વરી પ.પૂ.આ. ભ. શ્રી. વિ. **ગુણરત્નસૂરીશ્વરજી** મ.સા. દ્વારા વિરચિત ઉદયસ્વામિત્વ ગ્રંથ પરનો સંક્ષિપ્ત પદાર્થસંગ્રહ, તેમના જ પટ્ટાલંકાર પ્રવચનપ્રભાવક આ. ભ. શ્રી. વિ. **રશ્મિરત્ન-સૂરીશ્વરજી** મ. સા. ના ચરણલવ મુ. યશરત્ન વિ. દ્વારા સાનંદ સંપન્ન કરાયો ||

**|| शुभं भूयात् श्रमणसङ्घस्य ||**

**|| इति शम् ||**

---

❖ ચારે આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં હોય અને વિગ્રહગતિમાં જીવ નિયમા અનાહારક હોય, એટલે આહારકમાર્ગણામાં ચારે આનુપૂર્વીનો ઉદયવિચ્છેદ કહ્યો.

▲ જુઓ પાના નં. ૨૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આચાર્યવિજય ગુણરત્નસૂરિવિરચિત

# ઉદયસ્વામિત્વ

## ગાથા-ગાથાર્થ

## પરિશિષ્ટ

पणमिअ सिरिवीरजिणं, सुगुरुं च पवित्तचरणजुगपउमं ।
णिरयाइमग्गणासुं, वुच्छमहं उदयसामित्तं ॥ १ ॥

**ગાથાર્થ :** શ્રી વીરજિનેશ્વરને અને પવિત્ર છે ચરણયુગલરૂપી કમળ જેમના એવા સદ્‌ગુરુને પ્રણામ કરીને, નરકાદિ માર્ગણાઓને વિશે હું ઉદયસ્વામિત્વને કહીશ...(૧)

विउवदुग णिरयसुरणर-तिरितिगोरालतणु-उवंगाइं ।
संघयणछ-मज्झागिइ-चउक्क-विगलेंदितिगाइं ॥ २ ॥
एगिंदिथावरसुहुमं, अपज्जसाहारणायवुज्जोअं ।
थीणतिग-थीपुमपढम-आगिई-सुहगचउ-सुखगई ॥ ३ ॥
उच्चजिणाहारदुगं च, मीससम्मनपुनीयहुंडाइं ।
कुखगइदुस्सरदुहगा-णाइज्जदुग-बिइयकसाया ॥ ४ ॥
परघा-उसासा इय, पयडी मोत्तुमुदयाउ संगहिया ।
चउदसगुणेसु णेयो, कम्मत्थवाओ अ ओहुदओ ॥ ५ ॥

**ગાથાર્થ :** વૈક્રિયદ્વિક, નરકત્રિક, સુરત્રિક, મનુષ્યત્રિક, તિર્યંચત્રિક, ઔદારિક-શરીર, ઔદારિકાંગોપાંગ, ૬ સંઘયણ, મધ્યમ ૪ સંસ્થાન, વિકલેન્દ્રિય-ત્રિક... (૨)

એકેન્દ્રિય, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, આતપ, ઉદ્યોત, થીણદ્ધિત્રિક, સ્ત્રી-પુરુષવેદ, સમચતુરસ્રસંસ્થાન, સુભગચતુષ્ક, શુભવિહાયોગતિ... (૩)

ઉચ્ચગોત્ર, જિનનામ, આહારકદ્વિક, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, નપુંસકવેદ, નીચગોત્ર, હુંડકસંસ્થાન, કુખગતિ, દુઃસ્વર, દુર્ભગ, અનાદેયદ્વિક, અપ્રત્યાખ્યાનચતુષ્ક... (૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરાઘાત અને ઉચ્છ્વાસ... આ પ્રકૃતિઓ ઉદયમાંથી મૂકવા ભેગી કરેલી છે. ૧૪ ગુણસ્થાનકોમાં કર્મસ્તવની જેમ ઓઘોદય જાણવો... (૫)

निरये ओहम्मि सुरछ–चालीस विणा छसयरी मिच्छे उ ।
मीसदुग–विणु चउसयरी, सासणि मिच्छ–अणुपुव्वि विणा ॥ ६ ॥
बिसयरि मीसे अणविणु, नवसट्ठी मीससंजुआ अजये ।
सम्मणिरयाणुपुव्वी–जुअ मीसविणा इह सयरी ॥ ७ ॥

**ગાથાર્થ :** નરકગતિમાર્ગણામાં ઓઘે સુરત્રિકાદિ - ૪૬ પ્રકૃતિંઓ વિના ૭૬ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તેમાંથી મિશ્રદ્વિક વિના ૭૪ પ્રકૃતિઓ મિથ્યાત્વગુણઠાણે ઉદયમાં હોય. તેમાંથી મિથ્યાત્વ અને નરકાનુપૂર્વી વિના ૭૨ પ્રકૃતિઓ સાસ્વાદનગુણઠાણે ઉદયમાં હોય અને તેમાંથી મિશ્રગુણઠાણે અનંતાનુબંધી વિના અને મિશ્રમોહનીય સાથે ૬૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય... અને અવિરતગુણઠાણે સમ્યક્ત્વમોહનીય-નરકાનુપૂર્વી સાથે અને મિશ્રમોહનીય વિના ૭૦ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે... (૬-૭)

एमेव पढमनिरये, बीयाइसु अजयेऽणुपुव्विं विणु ।
मोत्तुं विउवेगारस, उच्चचऊ सगसयं ओहे ॥ ८ ॥

**ગાથાર્થ :** (एमेव=) સામાન્યથી કહેલ ઓઘોદયની જેમ, પ્રથમ નરકમાં પણ ઉદય જાણવો, બીજી વગેરે નરકમાં ચોથે ગુણઠાણે નરકાનુપૂર્વીનો પુનરુદય ન કહેવો. દૃતિર્યંચગતિમાર્ગણામાં વૈક્રિય-એકાદશ અને ઉચ્ચચતુષ્કને છોડીને ૧૦૭ પ્રકૃતિઓ ઓઘથી ઉદયમાં હોય છે... (૮)

तिरिए मीसदुग विणा, मिच्छम्मि य पणजुअसयं सासाणे ।
सुहुमचउगमिच्छ विणा, मीसे इगनवइ मीसजुआ ॥ ९ ॥
विगलपणगअणतिरियाणुपुव्वि, विणु सम्म–आणुपुव्विजुआ ।
अजये दुणवइ मीसं, विणु देसे दुहगसगपुव्विं ॥ १० ॥

**ગાથાર્થ :** તિર્યંચગતિમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે મિશ્રદ્વિક વિના ૧૦૫ પ્રકૃતિઓ ઉદયમાં હોય.. સાસ્વાદને સૂક્ષ્મચતુષ્ક અને મિથ્યાત્વ વિના ૧૦૦ પ્રકૃતિઓ.. તેમાંથી મિશ્રગુણઠાણે વિકલેન્દ્રિયપંચક, અનંતાનુબંધીચતુષ્ક, અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિર્યંચાનુપૂર્વી છોડીને અને મિશ્રમોહનીય ઉમેરીને ૯૧ પ્રકૃતિઓ ઉદયમાં હોય. તેમાં અવિરતગુણઠાણે સમ્યક્ત્વમોહનીય અને તિર્યંચાનુપૂર્વી ઉમેરીને અને મિશ્રમોહનીયને છોડીને ૯૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય અને દેશવિરતગુણઠાણે દૌર્ભાગ્યસપ્તક અને તિર્યંચાનુપૂર્વી વિના૮૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય. (૯-૧૦)

विणु चुलसी तिरिओहा, मोत्तुं आयवदु थीअड पज्ज चउ ।
मज्झागिई छेवट्ठ-रहियं संघयणपणगं च ॥ ११ ॥
पराघाय-मीस-कुखगई-दुगं अपज्जतिरियम्मि इगासीइ ।
विक्रियअडतिरियतिग-अपज्जूणविगलदसगहीणं ॥ १२ ॥

**ગાથાર્થ** : તિર્યંચોને દેશવિરતિ ગુણઠાણે ૮૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય.. લબ્ધ્યપર્યાપ્ત તિર્યંચમાં, તિર્યંચોને ઓઘથી કહેલ ૧૦૭માંથી આતપદ્વિક, સ્ત્રીઅષ્ટક, પર્યાપ્ત, મધ્યાકૃતિચતુષ્ક, સંહનનપંચક, પરાઘાતદ્વિક, મિશ્રદ્વિક અને વિહાયો-ગતિદ્વિક... એ ૨૬ પ્રકૃતિઓ બાદ કરતાં ૮૧ કર્મપ્રકૃતિઓ ઉદયમાં હોય... અને વૈક્રિયાષ્ટક, તિર્યંચત્રિક, અપર્યાપ્તને છોડીને વિકલેન્દ્રિયદશક.. એ ૨૦ પ્રકૃતિઓ છોડીને હ્રમનુષ્યગતિમાર્ગણામાં ૧૦૨ પ્રકૃતિઓનો ઉદય હોય. (૧૧-૧૨)

मणुए दुसयं मिच्छे, जिणपणविणु सत्तणवइ सासाणे ।
मिच्छ-अपज्जत्तविणा, पणनवई एगनवई य ॥ १३ ॥
मीसे अणणरपुव्वी-विणु मीसजुआ दुणवई अजयम्मि ।
मीसविणु सम्मपुव्वी-सहिया दुहगसगनियपुव्वी ॥ १४ ॥
विणु देसे तेआसी, आहारदुगसहिया पमत्तम्मि ।
इगसी विणा तीयकसाया, ओहव्व इयर-अडसुं ॥ १५ ॥

**ગાથાર્થ** : મનુષ્યગતિમાં ૧૦૨ પ્રકૃતિઓ.. તેમાંથી મિથ્યાત્વે જિનપંચક વિના ૯૭ પ્રકૃતિઓ.. તેમાંથી સાસ્વાદને મિથ્યાત્વ અને અપર્યાપ્ત વિના ૯૫ પ્રકૃતિઓ.. તેમાંથી મિશ્રગુણઠાણે અનંતા૦ ૪ અને મનુષ્યાનુપૂર્વી વિના તથા મિશ્રમોહનીયના ઉદય સાથે ૯૧ પ્રકૃતિઓ.. તેમાંથી અવિરતગુણઠાણે મિશ્રમોહનીય વિના અને સમ્યક્ત્વમોહનીય તથા મનુષ્યાનુપૂર્વી સાથે ૯૨ પ્રકૃતિઓ ઉદય હોય.. તેમાંથી દૌર્ભાગ્યસપ્તક, નીચગોત્ર અને મનુષ્યાનુપૂર્વી એ ૯ પ્રકૃતિ વિના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેશવિરતગુણઠાણે ૮૩ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય.. તેમાંથી પ્રમત્તગુણઠાણે પ્રત્યાખ્યાનાવરણ કષાયચતુષ્ક વિના અને આહારકદ્વિક સાથે ૮૧ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય... અને સાતમા વગેરે આઠ ગુણઠાણે (કર્મસ્તવમાં કહેલ) ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય સમજવો... (૧૩-૧૪-૧૫)

मणुअम्मि अपज्जम्मि, अपज्जतिरिव्व णवरं समणुअतिगा ।
तिरियतिगापज्जरहिय - विगलअडूणा खलु असीई ॥ १६ ॥

**ગાથાર્થ :** લબ્ધ્યપર્યાપ્ત મનુષ્યમાં, લબ્ધ્યપર્યાપ્ત તિર્યંચની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો. પણ વિશેષતા એ કે, અહીં મનુષ્યત્રિકનો પણ ઉદય કહેવો અને તિર્યંચત્રિક + અપર્યાપ્ત છોડીને વિકલાષ્ટક - આ પ્રકૃતિનું વર્જન કરવું.. ૮૦ પ્રકૃતિનો ઉદય (દેવગતિમાર્ગણામાં હોય છે.) (૧૬)

णरइगतीसणपुपणग-णिरयजिणतिगं विणा सुरे ओहे ।
मिच्छे मीसदु विणु, अडसयरी साणे विणा मिच्छं ॥ १७ ॥
सगसयरी मीसे अण-सुरपुव्वी विणु तिसयरी मीसजुआ ।
सम्मसुरपुव्विजुत्ता, चउसयरी मीसविणु अजये ॥ १८ ॥

**ગાથાર્થ :** દેવગતિમાર્ગણામાં ૧૨૨માંથી મનુષ્યગત્યાદિ - ૩૧, નપુંસકપંચક, નરકત્રિક અને જિનત્રિક - એ ૪૨ વિના ૮૦ પ્રકૃતિનો ઉદય હોય છે. તેમાંથી મિથ્યાત્વે મિશ્રદ્વિક વિના ૭૮ પ્રકૃતિનો ઉદય હોય.. તેમાંથી સાસ્વાદને મિથ્યાત્વ વિના ૭૭ પ્રકૃતિનો ઉદય હોય.. તેમાંથી અનંતાનુબંધીચતુષ્ક + દેવાનુપૂર્વી વિના અને મિશ્રમોહનીય સાથે ૭૩ પ્રકૃતિઓનો ઉદય મિશ્રગુણઠાણે હોય.. તેમાં અવિરતગુણઠાણે સમ્યક્ત્વમોહનીય + દેવાનુપૂર્વી ઉમેરીને અને મિશ્રમોહનીય નીકાળીને ૭૪ પ્રકૃતિનો ઉદય કહેવો. (૧૭-૧૮)

विक्कियइगारसउरल-उवंगचउदजसूणथीचउद ।
कुखगइदुपणिंदतसं विणु ओहे एगिंदियेऽसीइ ॥ १९ ॥

**ગાથાર્થ :** એકેન્દ્રિમાર્ગણામાં વૈક્રિય-એકાદશ, ઔદારિકાંગોપાંગાદિ-૧૪, યશનામ છોડીને સ્ત્રીવેદાદિ-૧૪, કુખગતિદ્વિક, પંચેન્દ્રિય અને ત્રસ - એ ૪૨ પ્રકૃતિ વિના ઓઘે ૮૦ પ્રકૃતિઓનો ઉદય હોય છે. (૧૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मिच्छे पणनिद्द-सुहुमपण-पराघायदुग-मिच्छविणु साणे ।
सडसट्ठी बासीई, विक्कियएगारसं मोत्तुं ॥ २० ॥
बिंदियापज्जछेवट्ठं विणु संघयणुणवीस थीचउपणिंदि- ।
सुखगइसत्ताईज्ज-विणु बिंदियम्मि हु मिच्छोहे ॥ २१ ॥

**ગાથાર્થ** : મિથ્યાત્વ ગુણઠાણે (ઓઘે કહેલ ૮૦ પ્રકૃતિનો ઉદય કહેવો.) અને સાસ્વાદને ૮૦માંથી નિદ્રાપંચક, સૂક્ષ્મપંચક, પરાઘાતદ્વિક અને મિથ્યાત્વ- એ ૧૩ વિના ૬૭ પ્રકૃતિઓનો ઉદય હોય.. અને બેઈન્દ્રિયમાર્ગણામાં વૈક્રિયૈકાદશને મૂકીને તથા બેઈન્દ્રિય + અપર્યાપ્ત + સેવાર્ત સિવાયના છ સંઘયણાદિ-૧૯ પ્રકૃતિઓ, સ્ત્રીચતુષ્ક, પંચેન્દ્રિય, સુખગતિસપ્તક અને આદેય - આ પ્રકૃતિઓ છોડીને ૮૨ પ્રકૃતિઓનો ઉદય કહેવો. (૨૦-૨૧)

मिच्छ-कुखगइ-परघादु-निद्दापज्जुज्जोअसुसर विणु साणे ।
बेइंदिय विणु सपदं णवरि तिचउरिंदियेसु तह ॥ २२ ॥

**ગાથાર્થ** : તેમાંથી સાસ્વાદને મિથ્યાત્વ, કુખગતિદ્વિક, પરાઘાતદ્વિક, નિદ્રાપંચક, અપર્યાપ્ત, ઉદ્યોત અને સુસ્વર વિના ૬૯ પ્રકૃતિનો ઉદય હોય... અને તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિયમાં પણ તે પ્રમાણે જ કહેવું. પણ વિશેષતા એ કે, બેઈન્દ્રિયને બદલે સ્વપદ (=તેઈન્દ્રિય કે ચઉરિન્દ્રિય પદ) કહેવું. (૨૨)

चउदसयमपज्जूण-विगलनव विणा पणिंदिये ओहे ।
मिच्छेऽजिणपण साणे, अपज्ज-णिरयपुव्वि-मिच्छविणु ॥ २३ ॥

**ગાથાર્થ** : પંચેન્દ્રિયમાર્ગણામાં અપર્યાપ્ત વિના વિકલેન્દ્રિયનવકને છોડીને ઓઘે ૧૧૪ પ્રકૃતિનો ઉદય કહેવો.. મિથ્યાત્વે જિનપંચક વિના ૧૦૯.. તેમાંથી સાસ્વાદનગુણઠાણે અપર્યાપ્ત, નરકાનુપૂર્વી અને મિથ્યાત્વ વિના ૧૦૬.. (૨૩)

मीसे अणाणुपुव्वि - तिग विणु मीसजुअमियरिगारससुं ।
ओहव्वेगिंदिव्व य, पणकायेसु पुढवीई परं ॥ २४ ॥

**ગાથાર્થ** : મિશ્રગુણઠાણે અનંતાનુબંધીચતુષ્ક + ત્રણ આનુપૂર્વી છોડીને અને મિશ્રમોહનીય ઉમેરીને ૧૦૦ પ્રકૃતિઓ.. બાકીના ૧૧ ગુણઠાણે ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય સમજવો. પૃથ્વીકાયાદિ પાંચ કાયમાં એકેન્દ્રિયની જેમ ઉદય સમજવો. પણ વિશેષતા એ કે, પૃથ્વીકાયમાં... (૨૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

साहारणमाऊए तह, साहारदुगमग्गिवाऊसुं ।
साहारणतिगकित्तिं, वज्जेज्जा आयवं य वणे ॥ २५ ॥

**ગાથાર્થ** : પૃથ્વીકાયમાં સાધારણ, અપ્કાયમાં સાધારણદ્વિક, અગ્નિ-વાયુકાયમાં સાધારણત્રિક અને યશનામ, અને વનસ્પતિમાં આતપ... આમ તે તે કાયમાં તે તે પ્રકૃતિનું વર્જન કરવું. (૨૫)

साहारणदुगिगिंदिय-तिग विणु सत्तरसयं तसे ओहे ।
जिणपण विणु मिच्छे, विणु मिच्छ-अपज्ज-णिरयपुव्वी ॥ २६ ॥

**ગાથાર્થ** : ત્રસકાયમાર્ગણામાં સાધારણદ્વિક અને એકેન્દ્રિયત્રિક વિના ઓઘે ૧૧૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે અને મિથ્યાત્વે જિનપંચક વિના ૧૧૨ પ્રકૃતિઓનો ઉદય... ૨સાસ્વાદને મિથ્યાત્વ, અપર્યાપ્ત અને નરકાનુપૂર્વી વિના ૧૦૯ પ્રકૃતિઓનો ઉદય.. (૨૬)

साणे ओहव्व इयरबारसु विगलनवगाणुपुव्विचऊ ।
मोत्तुं नवसयमोहे, मणम्मि जिणपणग विणु मिच्छे ॥ २७ ॥

**ગાથાર્થ** : બાકીના ૧૨ ગુણઠાણે ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો.. મનોયોગમાર્ગણામાં વિકલેન્દ્રિયનવક અને ૪ આનુપૂર્વી વિના ઓઘે ૧૦૯ પ્રકૃતિનો ઉદય કહેવો અને મિથ્યાત્વે જિનપંચક વિના ૧૦૪ પ્રકૃતિનો ઉદય કહેવો... (૨૭)

सासाणे मिच्छ विणा, मीसे अणविणु य मीसजुत्तं ।
अजयम्मि ससम्मा, विणु मीसं परनवसु ओहव्व ॥ २८ ॥

**ગાથાર્થ** : તેમાંથી સાસ્વાદને મિથ્યાત્વ વિના ૧૦૩.. મિશ્રે અનંતા૦૪ વિના અને મિશ્રમોહની સાથે ૧૦૦... અવિરતગુણઠાણે સમ્યક્ત્વમોહનીયની સાથે અને મિશ્રમોહ વિના ૧૦૦... અને આગળના (૫-૧૩) નવ ગુણઠાણે ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો. (૨૮)

एगिंदियछगचउ - अणुपुव्वी विणु बारजुअसयं ओहे ।
वयणे जिणपणगं, विणु मिच्छत्ते होन्ति सासाणे ॥ २९ ॥
मिच्छविगलिंदियतिगं, विणु एगारससुं होन्ति सेसेसु ।
मणजोगव्व य काये, ओहे तेरससुं ओहव्व ॥ ३० ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :** વચનયોગમાર્ગણામાં એકેન્દ્રિયષટ્ક અને ચાર આનુપૂર્વી વિના ઓઘે ૧૧૨ પ્રકૃતિઓનો ઉદય હોય. મિથ્યાત્વે જિનપંચક વિના ૧૦૭ પ્રકૃતિઓ.. સાસ્વાદને મિથ્યાત્વ અને વિકલેન્દ્રિયત્રિક વિના ૧૦૩ પ્રકૃતિઓ.. બાકીના ૧૧ ગુણઠાણે મનોયોગની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો.. કાયયોગમાર્ગણામાં ઓઘથી ૧-૧૩ ગુણઠાણે કર્મસ્તવમાં કહેલ ઓઘ પ્રમાણે કર્મપ્રકૃતિનો ઉદય કહેવો. (૨૯-૩૦)

**विउवअडाहारगदुग – णरतिरिपुव्वीअपज्ज विणु उरले ।**
**ओहम्मि नवसयं जिण – मीसदुग विणा य मिच्छम्मि ॥ ३१ ॥**

**ગાથાર્થ :** ૨ઔદારિકકાયયોગમાં વૈક્રિયાષ્ટક, આહારકદ્વિક, મનુષ્ય-તિર્યંચાનુપૂર્વી અને અપર્યાપ્ત નામકર્મને છોડીને ઓઘે - ૧૦૯ પ્રકૃતિનો ઉદય કહેવો અને મિથ્યાત્વે જિનનામ +મિશ્રદ્વિક વિના ૧૦૬ પ્રકૃતિનો ઉદય કહેવો.. (૩૧)

**विगलछ – साहारणदुग – मिच्छ विणा सासाणेऽणविणु मीसे ।**
**मीसजुआ सम्मजुआ, अजये मीसविणु ओहव्व ॥ ३२ ॥**

**ગાથાર્થ :** વિકલેન્દ્રિયષટ્ક, સાધારણદ્વિક અને મિથ્યાત્વ વિના સાસ્વાદનગુણઠાણે ૯૭ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. મિશ્રે અનંતાનુબંધી વિના અને મિશ્રમોહનીય સાથે ૯૪.. અયતે સમ્યક્ત્વમોહનીય સાથે અને મિશ્રમોહનીય વિના ૯૪.. અને બાકીના ટ્ટનવ ગુણઠાણે કર્મપ્રકૃતિનો ઉદય ઓઘની જેમ સમજવો.. (૩૨)

**सेसणवसु पणनिद्दा परघायवखगइसरदुगं च ।**
**मीसं विणु तम्मीसे सपज्जत्तोहे अजिणसम्मा ॥ ३३ ॥**

**ગાથાર્થ :** ઔદારિકકાયયોગમાં બાકીના નવ ગુણઠાણે ઓઘની જેમ સમજવું. ઔદારિકમિશ્રમાં (ઔદારિકમાં ઓઘે કહેલ કર્મપ્રકૃતિમાંથી) પાંચ નિદ્રા, પરાઘાતદ્વિક, આતપદ્વિક, ખગતિદ્વિક, સ્વરદ્વિક અને મિશ્રમોહનીય નીકાળીને અને અપર્યાપ્ત નામકર્મને ઉમેરીને ઓઘે - ૯૬ પ્રકૃતિનો ઉદય કહેવો અને મિથ્યાત્વેર જિનનામ અને સમ્યક્ત્વમોહનીય વિના ૯૪ પ્રકૃતિનો ઉદય કહેવો. (૩૩)

**मिच्छे साणम्मि सहुम–तिगमिच्छविणु अणविगलपणगविणु ।**
**नपुंसत्थिनीयविणु, ससम्मेगुणासीइ अजये ॥ ३४ ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विणु परघाखगइ-सरदुगं सजोगिम्मि सुदयाउ छत्तीसं ।
देवोहे णिरयाऊ-गइणपुपणपखेवओ विउवे ॥ ३५ ॥

**ગાથાર્થ :** *મિથ્યાત્વે (૯૪ પ્રકૃતિઓનો ઉદય હોય..) સાસ્વાદને સૂક્ષ્મત્રિક* અને મિથ્યાત્વ વિના ૯૦ પ્રકૃતિઓ.. તેમાંથી અનંતા૦ ૪, વિકલપંચક, સ્ત્રી-નપુંસકવેદ, નીચગોત્ર - આ ૧૨ છોડીને અને સમ્યક્ત્વમોહનીય ઉમેરીને અવિરતે - ૭૯ પ્રકૃતિઓનો ઉદય કહેવો. સયોગીગુણઠાણે ઉદયપ્રાયોગ્ય ૪૨માંથી પરાઘાતદ્વિક + સ્વરદ્વિક + ખગતિદ્વિક - એ ૭ને છોડીને ૩૬ પ્રકૃતિઓનો ઉદય કહેવો. વૈક્રિયકાયયોગમાર્ગણામાં, દેવોને ઓઘથી ઉદયપ્રાયોગ્ય ૮૦માં નરકાયુ, નરકગતિ, નપુંસકપંચક - એ સાતનો પ્રક્ષેપ કરીને.. (બાકીનો ફેરફાર આગળની ગાથામાં જણાવે છે.) (૩૪-૩૫)

सुराणुपुव्वीहीणा, ओहे छासीइ मीसदुगऊणा ।
मिच्छे सासणि मिच्छं, विणु अणविणु मीसि मीसजुआ ॥ ३६ ॥

**ગાથાર્થ :** (૮૦માં ૭નો પ્રક્ષેપ કરી) સુરાનુપૂર્વી નીકાળીને ઓઘે ૮૬ પ્રકૃતિનો ઉદય કહેવો. તેમાંથી મિથ્યાત્વે મિશ્રદ્વિક વિના ૮૪.. સાસ્વાદને મિથ્યાત્વ વિના ૮૩.. મિશ્રે અનંતાનુબંધીચતુષ્ક વિના અને મિશ્રમોહનીય સાથે ૮૦ પ્રકૃતિઓનો ઉદય હોય.. (૩૬)

अजयगुणे मीसविणा, ससम्मोहम्मि सगसयरि तम्मीसे ।
निद्दापरघायखगइ - सरदुगमीसविणु विउवोहा ॥ ३७ ॥

**ગાથાર્થ :** અવિરતગુણઠાણે મિશ્રમોહનીય વિના અને સમ્યક્ત્વમોહનીય સાથે ૮૦ પ્રકૃતિઓનો ઉદય કહેવો અને વૈક્રિયમિશ્રકાયયોગમાર્ગણામાં, વૈક્રિયમાં ઓઘથી કહેલ ૮૬માંથી નિદ્રાદ્વિક, પરાઘાતદ્વિક, ખગતિદ્વિક, સ્વરદ્વિક અને મિશ્રમોહનીય - એ ૯ પ્રકૃતિ વિના ઓઘે - ૭૭ પ્રકૃતિઓનો ઉદય કહેવો. (૩૭)

सम्मं विणु मिच्छे पुण, णिरयाउगइ-णपुति-मिच्छविणु साणे ।
अजये य अणथी विणा, णिरयाउगइणपुतिसम्मजुआ ॥ ३८ ॥

**ગાથાર્થ :** મિથ્યાત્વે સમ્યક્ત્વમોહનીય વિના ૭૬.. સાસ્વાદને નરકાયુષ્ય, નરકગતિ, નપુંસકત્રિક અને મિથ્યાત્વ એ ૬ વિના ૭૦.. અવિરતે અનંતા-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નુબંધીચતુષ્ક + સ્ત્રીવેદને છોડીને અને નરકાયુષ્ય + નરકગતિ + નપુંસકત્રિક + સમ્યક્ત્વમોહનીય - એ ૬ પ્રકૃતિઓ ઉમેરીને ૭૧ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો.. (૩૮)

थीणचउ-उरलकुखगइ-दुगचरिमपणागिई-छसंघयणं ।
मोत्तुं पमत्तजुग्गाओ, आहारम्मि उ बासट्ठी ॥ ३९ ॥

**ગાથાર્થ** : આહારકકાયયોગમાર્ગણામાં, પ્રમત્તયોગ્ય ૮૧માંથી થીણદ્ધિ-ચતુષ્ક, ઔદારિકદ્વિક, કુખગતિદ્વિક, છેલ્લા પાંચ સંસ્થાન અને ૬ સંઘયણ - આ ૧૯ પ્રકૃતિઓને છોડીને ૬૨ પ્રકૃતિઓનો ઉદય કહેવો. (૩૯)

परघानिद्दुग-सुसरसुखगइविणु छप्पनं य तम्मीसे ।
विउवुरलखगइ-परघासरदुगमुवघायपत्तेयं ॥ ४० ॥

**ગાથાર્થ** : આહારકપ્રાયોગ્ય પ્રકૃતિમાંથી પરાઘાતદ્વિક, નિદ્રાદ્વિક, સુસ્વર-સુખગતિ આ ૬ નીકાળીને આહારકમિશ્રમાં ૫૬ પ્રકૃતિનો ઉદય કહેવો. અને વૈક્રિયદ્વિક, ખગતિદ્વિક, પરાઘાતદ્વિક, સ્વરદ્વિક, ઉપઘાત, પ્રત્યેક.... (૪૦)

साहारण-आहारगतिगं छसंघयण आगिईछक्कं ।
पणनिद्दा विणु ओहे, सत्तासीई हवइ कम्मम्मि ॥ ४१ ॥

**ગાથાર્થ** : કાર્મણકાયયોગમાર્ગણામાં, સાધારણત્રિક, આહારકત્રિક, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૫ નિદ્રા (+પૂર્વગાથામાં કહેલ પ્રકૃતિઓ) આ ૩૫ પ્રકૃતિઓ છોડીને ઓઘે ૮૭ પ્રકૃતિઓનો ઉદય થાય છે. (૪૧)

मिच्छे जिणसम्मं विणु, सुहुमदु-णिरयतिग-मिच्छं विणु साणे ।
विगलपणअणथी विणु, अजयम्मि ससम्मणिरयतिगा ॥ ४२ ॥

**ગાથાર્થ** : મિથ્યાત્વે જિનનામ + સમ્યક્ત્વમોહનીય વિના ૮૫.. સાસ્વાદને સૂક્ષ્મદ્વિક + નરકત્રિક અને મિથ્યાત્વ વિના ૭૯.. અવિરતે વિકલેન્દ્રિયપંચક + અનંતા૦ ૪ + સ્ત્રીવેદ વિના અને સમ્યક્ત્વમોહનીય + નરકત્રિક સાથે ૭૩.. (૪૨)

तसथिरतिगुच्चतेआइज्जा - थिरवेअदुगणराउगई ।
वन्नचउपणिंदिनिमिण - अगुरुलहु उदये सजोगिम्मि ॥ ४३ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :** સયોગીગુણઠાણે ત્રસત્રિક, સ્થિરત્રિક, ઉચ્ચગોત્રદ્વિક, તેજસદ્વિક, આદેયદ્વિક, અસ્થિરદ્વિક, વેદનીયદ્વિક, મનુષ્યાયુષ્ય-મનુષ્યગતિ, વર્ણચતુષ્ક, પંચેન્દ્રિયજાતિ, નિર્માણ અને અગુરુલઘુ - આ ૨૫ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. (૪૩)

**णिरयतिग-विगलछगनपु-थीगापज्जतिगजिण विणा पुरिसे ।**
**सगसयमोहे मिच्छे, आहारगचउ विणा साणे ॥ ४४ ॥**
**मिच्छं मोत्तूणं अण-तिआणुपुव्वी विणा समीसा य ।**
**मीसे तिआणुपुव्वी-सम्मजुआ मीसविणु अजये ॥ ४५ ॥**

**ગાથાર્થ :** પુરુષવેદમાર્ગણામાં નરકત્રિક, વિકલેન્દ્રિયષટ્ક, નપુંસક-સ્ત્રીવેદ, અપર્યાપ્તત્રિક અને જિનનામ - આ ૧૫ વિના ઓઘે ૧૦૭ પ્રકૃતિનો ઉદય કહેવો. મિથ્યાત્વે આહારકચતુષ્ક વિના ૧૦૩.. સાસ્વાદને મિથ્યાત્વ વિના ૧૦૨.. મિશ્રે અનંતાનુબંધીચતુષ્ક + ત્રણ આનુપૂર્વીને છોડીને અને મિશ્રમોહનીયને ઉમેરીને ૯૬ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. અને અવિરતગુણઠાણે ત્રણ આનુપૂર્વી + સમ્યક્ત્વમોહનીય ઉમેરીને અને મિશ્રમોહનીય છોડીને ૯૯ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. (૪૪-૪૫)

**सेसपणगुणेसु नपु-त्थीविणु ओहव्व थीअ पुरिसव्व ।**
**णवरं पुमठाणे थी, उदओ णोहे तह पमत्ते ॥ ४६ ॥**

**ગાથાર્થ :** બાકીના પાંચ ગુણઠાણે ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો. સ્ત્રીવેદમાર્ગણામાં પુરુષની જેમ ઉદય કહેવો, પણ ફરક એટલો કે પુરુષના સ્થાને સ્ત્રીવેદનો ઉદય કહેવો તથા ઓઘે + પ્રમત્તે આહારકદ્વિકનોદ્ધ ઉદય ન કહેવો. (૪૬)

**आहारदुगं अजये, तिआनुपुव्वी नपुम्मि सोलसयं ।**
**सुरतिगथीदुगजिणविणु, ओहे मिच्छे दुवालसयं ॥ ४७ ॥**

**ગાથાર્થ :** આહારકદ્વિકનો ઉદય (પ્રમત્તે અને ઓઘે ન કહેવો) અને ચોથે ગુણઠાણે ત્રણ આનુપૂર્વીનો ઉદય ન કહેવો. નપુંસકવેદમાર્ગણામાં સુરત્રિક, સ્ત્રીદ્વિક અને જિનનામ - આ ૬ પ્રકૃતિ વિના ૧૧૬ પ્રકૃતિનો ઉદય ઓઘે કહેવો અને મિથ્યાત્વે ૧૧૨.. (૪૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आहारमीसदुग विणु, साणे छसयं णिरयाणुपुव्वीं ।
सुहुमचऊग मिच्छं य, विमोत्तुं मीसगुणठाणे ॥ ४८ ॥

**ગાથાર્થ** : આહારકદ્વિક અને મિશ્રદ્વિક વિના (મિથ્યાત્વે ૧૧૨) સાસ્વાદને નરકાનુપૂર્વી, સૂક્ષ્મચતુષ્ક અને મિથ્યાત્વને છોડીને ૧૦૬.. અને મિશ્રગુણઠાણે.. (૪૮)

मीससहिया अणविगलपण - तिरिणरपुव्विं विणु मीसूणा ।
सणिरयपुव्वीसम्मा, अजयेऽन्नेसु पुरिसव्व परं ॥ ४९ ॥

**ગાથાર્થ** : (મિશ્રગુણઠાણે) અનંતાનુબંધીચતુષ્ક + વિકલપંચક + તિર્યંચ-મનુષ્યાનુપૂર્વી વિના અને મિશ્રમોહનીય સાથે ૯૬.. અવિરતગુણઠાણે મિશ્રમોહનીય વિના અને નરકાનુપૂર્વી + સમ્યક્ત્વમોહનીય સાથે ૯૭.. અને બાકીના ગુણઠાણે પુરુષવેદની જેમ સમજવું, પણ.... (૪૯)

पुमठाणे नपुवेओ, कोहे ओहम्मि नवसयं तित्थं ।
विणु य चउमानमाया - लोहा आहारचउग विणा ॥ ५० ॥

**ગાથાર્થ** : પુરુષવેદના સ્થાને નપુંસકવેદનો ઉદય કહેવો. ક્રોધમાર્ગણામાં માનચતુષ્ક, માયાચતુષ્ક, લોભચતુષ્ક અને જિનનામને છોડીને ઓઘે - ૧૦૯ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. મિથ્યાત્વેર આહારક ચતુષ્ક વિના ૧૦૫.. (૫૦)

मिच्छे परअडसु पयडि - वज्जणमोहव्व मीस-आइत्तिगे ।
कोहं चिअ वज्जेज्जा, माणाइसुं पि एमेव ॥ ५१ ॥

**ગાથાર્થ** : મિથ્યાત્વે (૧૦૫ પ્રકૃતિનો ઉદય હોય..) આગળના આઠ ગુણઠાણે ઓઘની જેમ કર્મપ્રકૃતિનું વર્જન કરવું. પણ અહીં વિશેષતા એ છે કે, મિશ્રાદિ ત્રણ ગુણઠાણે ક્રોધનું જ વર્જન કરવું.. આ પ્રમાણે જ માન વગેરેમાં પણ સમજવું.. (૫૧)

णवरं कोहठाणे, सपदं ओहव्व सुहुमे लोहे ।
अजयाइसु नवसु, मइ-सुएसु वेअगि चउसु मणे ॥ ५२ ॥

**ગાથાર્થ** : પણ માનાદિમાં ક્રોધના સ્થાને સ્વપદ કહેવું અને લોભમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂક્ષ્મસંપરાયે ઓઘની જેમ કહેવું. મતિ-શ્રુતમાર્ગણામાં, અવિરતાદિ ૯ ગુણઠાણે.. વેદકસમ્યક્ત્વમાં ૪ ગુણઠાણે.. મનઃપર્યવમાં... (૫૨)

जयआइसगसु केवल–दुगम्मि अंतिमदुगे अणाणदुगे ।
दुसु तिसु समइअछेए जयाइचउसु सठाणम्मि ॥ ५३ ॥

**ગાથાર્થ** : (મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં) પ્રમત્તસંયતથી માંડીને ક્ષીણમોહ સુધીના સાત ગુણઠાણે.. કેવલજ્ઞાન-કેવલદર્શનમાં છેલ્લા બે ગુણઠાણે.. અજ્ઞાનદ્વિકમાં બે કે ત્રણ ગુણઠાણે... સામાયિક - છેદોપસ્થાપનીયમાં પ્રમત્તસંયતાદિ ૪ ગુણઠાણે... પોતાના સ્થાને.. (૫૩)

सुहुमम्मि देसविरए, मीसे साणे य मिच्छम्मि ।
अजयम्मि पढमचऊसु, बारससुमचक्खुदंसम्मि ॥ ५४ ॥

**ગાથાર્થ** : સૂક્ષ્મસંપરાય, દેશવિરત, મિશ્ર, સાસ્વાદન અને મિથ્યાત્વ - આ બધી માર્ગણાઓમાં (પોત-પોતાનાં ગુણઠાણે)... અવિરતમાર્ગણામાં પહેલા ચાર ગુણઠાણે.. અચક્ષુદર્શનમાર્ગણામાં ૧૨ ગુણઠાણે... (૫૪)

भव्वे सव्वेसु तह, अभव्वे मिच्छम्मि नियनियगुणोहो ।
अहखाये संजमे तु, ओहव्व चरमचऊगुणेसु ॥ ५५ ॥

**ગાથાર્થ** : ભવ્યમાર્ગણામાં બધા ગુણઠાણે તથા અભવ્યમાર્ગણામાં પહેલે મિથ્યાત્વ-ગુણઠાણે પોત-પોતાનાં ગુણઠાણે કહેલ ઓઘોદય સમજવો. યથાખ્યાત સંયમમાં છેલ્લા ચાર ગુણઠાણે ઓઘોદયની જેમ.. (૫૫)

ओहिदुगे पंचसयं ओहे विगलाइविणु अजयठाणे ।
आहारदुगविणु इयर–अट्ठगुणेसुं तु ओहव्व ॥ ५६ ॥

**ગાથાર્થ** : અવધિદ્વિકમાર્ગણામાં વિકલાદિ - ૧૭ પ્રકૃતિ વિના ઓઘે - ૧૦૫ પ્રકૃતિનો ઉદય કહેવો.. અવિરતગુણઠાણે આહારકદ્વિક વિના ૧૦૩.. અને બાકીના આઠ ગુણઠાણે ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો.. (૫૬)

विगलनवजिणतिगतिरियणरानुपुव्वी विणा य सम्मत्तं ।
सत्तसयं विब्भंगे उ, ओहे मिच्छे विणा मीसं ॥ ५७ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :** વિભંગજ્ઞાનમાર્ગણામાં વિકલેન્દ્રિયનવક, જિનત્રિક, તિર્યંચાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી અને સમ્યક્ત્વમોહનીય વિના ઓઘે - ૧૦૭ પ્રકૃતિઓનો ઉદય કહેવો અને મિથ્યાત્વે મિશ્રમોહનીય વિના ૧૦૬... (૫૭)

**णिरयाणुपुव्विमिच्छं विणु सासणि मिसि य सयमोहव्व ।**
**तिअहत्तरि आहार-गदुगाद्धनारायतिगइत्थी ॥ ५८ ॥**
**विणु जयजुग्गाउ रिसहनारायदुगं पिअ विणु पमत्ते ।**
**ओहम्मि य परिहारे थीणतिगं विणु य अपमत्ते ॥ ५९ ॥**

**ગાથાર્થ :** સાસ્વાદને નરકાનુપૂર્વી અને મિથ્યાત્વ વિના ૧૦૪.. મિશ્રે ઓઘોદયની જેમ ૧૦૦.. પરિહારવિશુદ્ધિમાર્ગણામાં પ્રમત્તસંયતયોગ્ય ૮૧માંથી આહારકદ્વિક, છેલ્લા ત્રણ સંઘયણ અને સ્ત્રીવેદ - આ ૬ પ્રકૃતિ વિના અને ઋષભનારાચદ્વિકને પણ છોડીને ઓઘે અને પ્રમત્તે ૭૩ પ્રકૃતિનો ઉદય કહેવો અને અપ્રમત્તે થીણદ્ધિત્રિક વિના ૭૦.. (૫૮-૫૯)

**नवसयमेगिंदियछगअणुपुव्वीचउगजिणविणा ओहे ।**
**चक्खुम्मि य बितिइंदियविणु मीसाहारदुविणु मिच्छे ॥ ६० ॥**
**मिच्छं विणु सासाणे, चउ-अणविणा मीसे उ मीसजुआ ।**
**णेयं अजयाईसुं, दसगुणठाणेसुं ओहव्व ॥ ६१ ॥**

**ગાથાર્થ :** ચક્ષુદર્શનમાર્ગણામાં એકેન્દ્રિયષટ્ક, આનુપૂર્વીચતુષ્ક, જિનનામ વિના અને બેઈન્દ્રિય-તેઈન્દ્રિયજાતિ વિના ઓઘે - ૧૦૯ પ્રકૃતિનો ઉદય કહેવો. મિથ્યાત્વે મિશ્રદ્વિક અને આહારકદ્વિક વિના ૧૦૫.. સાસ્વાદને મિથ્યાત્વ વિના ૧૦૪.. તેમાંથી મિશ્રગુણઠાણે ચઉરિન્દ્રિયજાતિ + અનંતાનુબંધીને છોડીને અને મિશ્રમોહનીયને ઉમેરીને ૧૦૦ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. બાકીનાં અવિરતાદિ ૧૦ ગુણઠાણે ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો.. (૬૦-૬૧)

**कुलेसासुमोघव्व, छसु णवरं ण किण्हणीलासु ।**
**दो अणुपुव्वी सम्मे, सुराणुपुव्वी ण काऊए ॥ ६२ ॥**

**ગાથાર્થ :** ત્રણ કુલેશ્યામાં છ ગુણઠાણે ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો.. પણ સમ્યક્ત્વગુણઠાણે કૃષ્ણ - નીલમાર્ગણામાં દેવ - નરાકાનુપૂર્વીનો ઉદય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ન કહેવો અને કાપોતમાર્ગણામાં દેવાનુપૂર્વીનો ઉદય ન કહેવો.. (૬૨)

तेऊए निरयविगल-तिगसुहुमचऊजिणनाम विणा ओहे ।
एगारसयमाहार-चऊ मोत्तूणं मिच्छम्मि ॥ ६३ ॥

**ગાથાર્થ :** તેજોલેશ્યામાં ૧૨૨માંથી નરકત્રિક, વિકલત્રિક, સૂક્ષ્મચતુષ્ક અને જિનનામ વિના ઓઘે - ૧૧૧ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. મિથ્યાત્વે આહારકચતુષ્કને છોડીને ૧૦૭.. (૬૩)

मिच्छूणा साणे अण - पुव्वीतिगिंदियदुगविणु समीसा ।
मीसे सपूव्वीतिगा, सम्मजुआ अमीसा अजये ॥ ६४ ॥

**ગાથાર્થ :** સાસ્વાદને મિથ્યાત્વે વિના ૧૦૬.. મિશ્રે અનંતાનુબંધી + ત્રણ આનુપૂર્વી + એકેન્દ્રિયદ્વિક વિના અને મિશ્રમોહનીય સાથે ૯૮.. અવિરતે મિશ્રમોહનીયને છોડીને અને સમ્યક્ત્વમોહનીય + ત્રણ આનુપૂર્વીને લઈને ૧૦૧ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. (૬૪)

ओहव्व देसविरयाइ-गुणेसु णवजुअसयं पम्हाए ।
विगलनवणिरयतिग-जिणविणु ओहे तह विणा मिच्छे ॥ ६५ ॥

**ગાથાર્થ :** દેશવિરતાદિ ગુણઠાણે ઓઘની જેમ સમજવો.. પદ્મલેશ્યામાં વિકલેન્દ્રિયનવક, નરકત્રિક અને જિનનામ વિના ઓઘે - ૧૦૯ અને મિથ્યાત્વે.. (૬૫)

आहारचऊ साणे, मिच्छं विणु तिरिपुव्वी सम्मे तेउव्व ।
ओहे णिरयतिग - विगलिंदियनवगतिरियाणुपुव्वी विणु ॥ ६६ ॥

**ગાથાર્થ :** મિથ્યાત્વે આહારકચતુષ્ક વિનાદ્ ૧૦૫.. સાસ્વાદને મિથ્યાત્વ વિના ૧૦૪.. બાકીનાં ગુણઠાણે તેજોલેશ્યાની જેમ સમજવું, માત્ર સમ્યક્ત્વગુણઠાણે તિર્યંચાનુપૂર્વી છોડી દેવી.. ઓઘે નરકત્રિક, વિકલેન્દ્રિયનવક અને તિર્યંચાનુપૂર્વી વિના શુક્લલેશ્યામાર્ગણામાં ૧૦૯ષ્ઠ પ્રકૃતિનો ઉદય કહેવો.. (૬૬)

सुक्काए तु नवसयं, मिच्छे जिणपणग विणु य पम्हव्व ।
साणाइछसु इयरछसु, ओहव्व सत्तणवइ उवसमि ओहे ॥ ६७ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :** શુક્લલેશ્યામાર્ગણામાં ૧૦૯.. મિથ્યાત્વે જિનપંચક વિના ૧૦૫.. સાસ્વાદનાદિ ૬ ગુણઠાણે પદ્મલેશ્યાની જેમ.. અને બાકીનાં ૬ ગુણઠાણે ઓઘની જેમ.. ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઓઘે - ૯૭.. (૬૭)

विगलनवथीणतिजिणपण - अणमिच्छमणुणिरयतिरिपुव्वि विणु ।
अजये विणु विउवदुसुर - तिगणिरयाउगइदुहगसगं ॥ ६८ ॥

**ગાથાર્થ :** વિકલનવક, થીણદ્ધિત્રિક, જિનપંચક, અનંતાનુબંધી, મિથ્યાત્વ, મનુષ્યાનુપૂર્વી-નરકાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વી વિના ઓઘે અને ચોથે ગુણઠાણે ૯૭ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. દેશવિરતેર વૈક્રિયદ્વિક, દેવત્રિક, નરકાયુષ્ય, નરકગતિ, દૌર્ભાગ્યસપ્તક વિના ૮૬.. (૬૮)

देसे तिरियाउगईनियुज्जोअतइयकसाय विणु छट्ठे ।
अपमत्तगुणठाणेवि, तहा सेसचऊसु ओहव्व ॥ ६९ ॥

**ગાથાર્થ :** દેશવિરતે - ૮૩.. છટ્ઠે ગુણઠાણે તિર્યંચાયુષ્ય - ગતિ, નીચ, ઉદ્યોત અને તૃતીય કષાય વિના ૭૫.. અપ્રમત્તે પણ તે પ્રમાણે જ.. બાકીના ચાર ગુણઠાણે ઓઘની જેમ.. (૬૯)

दंसणसत्तगअपढम-संघयणपणगविगलनव विणोहे ।
खइये इगसयमजये, जिणति विणु मोत्तुं नियुज्जोअं ॥ ७० ॥

**ગાથાર્થ :** ક્ષાયિકસમ્યક્ત્વમાં દર્શનસપ્તક, અપ્રથમ પાંચ સંઘયણ અને વિકલેન્દ્રિયનવક વિના ઓઘે - ૧૦૧ ...અવિરતે જિનત્રિક વિના ૯૮.. અને નીચ+ ઉદ્યોત છોડીને.. (૭૦)

विउवअडतिरितिगदुहग-सगणराणुपुव्वी विणा देसम्मि ।
तियकसाय ण पमत्ते, आहारगदुगस्स पक्खेवा ॥ ७१ ॥

**ગાથાર્થ :** (નીચ + ઉદ્યોતને છોડીને અને) વૈક્રિયાષ્ટક, તિર્યંચત્રિક, દુર્ભગસપ્તક અને મનુષ્યાનુપૂર્વી વિના દેશવિરતે - ૭૭.. તેમાંથી પ્રમત્તે તૃતીયકષાય વિના અને આહારકદ્વિકના પ્રક્ષેપથી ૭૫.. (૭૧)

अप्रमत्तगुणठाणे य, थीणतिगाहारदुग विणा सयरी ।
तो ओहव्व रिसहणा - रायदुग विणा अजोगिं जा ॥ ७२ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** : અપ્રમત્તગુણઠાણે થીણદ્ધિત્રિક અને આહારકદ્વિક વિના ૭૦.. તેનાથી ઉપર અયોગીગુણઠાણા સુધી ઋષભ - નારાચને છોડીને ઓઘની જેમ કર્મપ્રકૃતિનો ઉદય કહેવો.. (૭૨)

विगलछसाहारदुगापज्ज विणु सण्णिम्मि तिदससयमोहे ।
जिनपञ्चकञ्च विणु अट्ठ-सयं तु मिच्छम्मि साणम्मि ॥ ७३ ॥

**ગાથાર્થ** : સંજ્ઞીમાર્ગણામાં વિકલષટ્ક, સાધારણદ્વિક અને અપર્યાપ્ત વિના ઓઘે - ૧૧૩ પ્રકૃતિનો ઉદય હોય.. મિથ્યાત્વે જિનપંચક વિના ૧૦૮.. અને સાસ્વાદને.. (૭૩)

विणु मिच्छत्तमोहं णिरय-पुव्वि दुवालससुं य ओहव्व ।
विउवड-उच्चछ विणोहे, मिच्छे असण्णिम्मि अट्ठसयं ॥ ७४ ॥

**ગાથાર્થ** : (સાસ્વાદને) મિથ્યાત્વ, અને નરકાનુપૂર્વી વિના ૧૦૬.. અને બાકીનાં બાર ગુણઠાણે ઓઘની જેમ સમજવું.. અસંજ્ઞીમાર્ગણામાં વૈક્રિયાષ્ટક અને ઉચ્ચષટ્કને છોડીને ઓઘે + મિથ્યાત્વે ૧૦૮ પ્રકૃતિનો ઉદય કહેવો.. (૭૪)

साणम्मि मिच्छणिद्दसुहुमपणनरतिपरघाकुखगइदुगं ।
सुसरसुखगई विणु, चउपुव्वि विणु ओहव्वाहारे ॥ ७५ ॥

**ગાથાર્થ** : સાસ્વાદને મિથ્યાત્વ, નિદ્રાપંચક, સૂક્ષ્મપંચક, મનુષ્યત્રિક, પરાઘાતદ્વિક, કુખગતિદ્વિક, સુસ્વર અને સુખગતિ વિના ૮૮ પ્રકૃતિઓનો ઉદય કહેવો.. અને આહારીમાર્ગણામાં ચાર આનુપૂર્વી વિના ઓઘની જેમ સમજવું.. (૭૫)

कम्मणंव अणाहारे, अजोगिम्मि ओहव्व उदीरणावि ।
उदयव्वेति समत्तं, गुणरयणथुओदयसामित्तं ॥ ७६ ॥

**ગાથાર્થ** : અનાહારીમાર્ગણામાં કાર્મણકાયયોગની જેમ સમજવું અને અયોગીગુણઠાણે ઓઘની જેમ સમજવું.. ઉદીરણા પણ ઉદય પ્રમાણે સમજવી.. આ પ્રમાણે મુ. ગુણરત્ન વિ. દ્વારા રચાયેલું ઉદયસ્વામિત્વ સમાપ્ત થયું.. (૭૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







# Udaysvamitva

કયા જીવોને કેટલા

કર્મોનો ઉદય હોય ?

તેનું સુંદર નિરૂપણ કરનારી

એક અદ્‌ભુત કૃતિ

# "ઉદયસ્વામિત્વ"



09428 500 401

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org